# તું પ્રભુ મારો, હું પ્રભુ તારો

તું પ્રભુ મારો, હું પ્રભુ તારો, ક્ષણ એક મુજને ના રે વિસારો
મહેર કરી મુજ વિનંતી સ્વીકારો, સ્વામી સેવક જાણી નિહાળો..
તું પ્રભુ મારો..

લાખ ચોર્યાસી ભટકી પ્રભુજી, આવ્યો છું તુજ શરણે હો જીનજી
દુર્ગતિ કાપો, શિવસુખ આપો, સ્વામી સેવક સામું નિહાળો..
તું પ્રભુ મારો..

અક્ષય ખજાનો પ્રભુ તારો ભર્યો છે, આપો કૃપાલુ હાથ મેં ધર્યો છે
વામાનંદન જગવંદન પ્યારો, દેવ અનેરામાં તું છે ન્યારો..
તું પ્રભુ મારો..

પળ પળ સમરું નાથ શંખેશ્વર, સમરથ તારક તું હી જિનેશ્વર
પ્રાણ થકી તું અધિક વહાલો, દયા કરીને નિહાળો..
તું પ્રભુ મારો..

જ્ઞાન પદમ તુજ ભક્તિ પ્રતાપે, ભવ ભવનાં સંતાપ શમાવે
અમીય ભરેલી તુજ મૂર્તિ નિહાળી, પાપ અંતરનાં દે એ પખાળી..
તું પ્રભુ મારો..